નરોડામાં ૩૦ લાખના ચરસ સાથે બેની કરાયેલી ધરપકડ

એટીએસ દ્વારા મોટી સફળતા હાંસલ : સમગ્ર મામલામાં ઊંડી તપાસ : ઝડપાયેલાઓની કડક પૂછપરછ શરૂ કરાઈ

અમદાવાદ, તા.૬

નરોડા વિસ્તારમાં વહેલી સવારે દિલ્હીથી ૩૦ લાખ રૂપિયાનું ચરસ લઈને આવેલા બે શખ્સોની એનસીબીએ ધરપકડ કરી હતી. આરોપીઓ જમ્મુ-કાશ્મીરથી ચરસ લઈને દિલ્હી ગયા અને ત્યાર બાદ મહાવીર ટ્રાવેલ્સની બસમાં અમદાવાદ આવ્યા હતા. એનસીબીને બાતમી મળતા છ કિલો ચરસના જથ્થા સાથે બે આરોપીની ધરપકડ કરી હતી. એનસીબીના ટીમને બાતમી મળી હતી. બાતમીના આધારે આરોપી દીપકભાઈ અને વિશાલભાઈ ખાનગી બસમાં લાખોની મત્તામાં ચરસનો જથ્થો અમદાવાદ માં આવી રહ્યો હતો. જેને પગલે આજે વહેલી સવારે નરોડા પાસેથી ખાનગી બસને એનસીબીની ટીમે રોકાવી બસમાં દરોડા પાડ્યો હતો. દરોડા પાડતા આરોપી દીપકભાઈ અને વિશાલભાઈ પાસેથી શંકાસ્પદ થેલો મળી આવ્યો હતો. જેની તપાસ કરતાં થેલામાં ૬ કિલો ચરસનો જથ્થો મળી કુલ ૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી હતી. આરોપીઓની સઘન પુછપરછ કરતાં આરોપી દીપક અંધ હોવાથી લોકોની દયા મેળવી સફળ બનતો હતો અને કોઈને શંકાસ્પદ જતી ન હતી. આરોપી દીપક ભજન મંડળીમાં કાન કરતો હતો. આરોપી દીપકનો પુત્ર વિશાલ આવી ડીલ કરતો હતો. આ ચરસનો જથ્થો કાશ્મીરથી મોકલાવાનું કબુલ્યુ હતું.

મોડાસાની તત્વ એન્જનીયરીંગ કોલેજમાં રક્તદાન શિબિર યોજાઈ

મોડાસા શહેરની શામળાજી રોડ પર આવેલી તત્વ એન્જીનીયરીંગ કોલેજ ખાતે અમદાવાદ રેડક્રોસ સોસાયટી અને મોડાસાની રામાણી બ્લડબેંકના સહયોગથી રક્તદાન કેમ્પ અને તત્વ એન્જીનીયરીંગ કોલેજમાં પ્રથમ વર્ષમાં એડમીશન લેનાર ઈજનેરી છાત્રોનો થેલેસીમીયાના ટેસ્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તત્વ એન્જીનીયરીંગ કોલેજના છાત્રો, સ્ટાફમિત્રો અને ટ્રસ્ટીગણે ભાગ લીધો હતો. સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસીંહ પુવારે ઈજનેરી છાત્રોને થેલેસેમીયાના ટેસ્ટ અંગે જણાવ્યું હતું કે મેજર થેલેસેમીયા અને માયનોર થેલેસીમીયાના લક્ષણ ધરાવતા દર્દીઓનું જો પરીક્ષણ કરી યોગ્ય સારવાર આપવામાં આવે તો થેલેસેમીયા રોગ થતો અટકાવી શકાય છે. તત્વ એન્જીનીયરીંગના ટ્રસ્ટીઓએ મમતા ટ્રસ્ટની હેન્ડીકેપ વિદ્યાર્થીઓને મદદ કરતી ટીમના કુમારી ફોરમ અને તેમની ટીમની સેવાઓ બિરદાવી હતી. આ કાર્યક્રમમાં તત્વ ફાઉન્ડેશનના ચેરમેન આર.વી. પુવાર, મંત્રી ધર્મેન્દ્ર પટેલ, એન્જીનીયરીંગ કોલેજના પ્રીન્સીપાલ ડૉ. વારીયા અને એનએસએસ પોગ્રામ ઓફિસર પી.વી. પુવાર તથા ઈજનેરી કોલેજના પ્રધ્યાપક મિત્રો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યાજના ચક્કરમાં ઉંઘની ગોળીઓ ખાઈ લેતા માઢવાના નિવૃત્ત તલાટીનું મોત

હિંમતનગર, તા.૬

ઈડર તાલુકાના માઢવા ગામના નિવૃત તલાટી અને તેમની પત્નિએ સોમવારે વ્યાજખોરોની ધોંસને કારણે સેલફોસની ગોળીઓ ખાઈ લીધી હતી. જેથી બંનેને સારવાર માટે ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન સોમવારે મોડી રાત્રે તલાટીનું નિધન થયુ હતું. ત્યારબાદ મંગળવારે વહેલી સવારે મૃતકની સ્મશાનયાત્રા નીકળી હતી. જેમાં અનેક સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે માઢવા ગામે રહેતા કાન્તીભાઈ પટેલ નિવૃત થયા બાદ રંગુસિંહ ચૌહાણ અને અશોકસિંહ રાઠોડ સાથે મિત્રતા બંધાતા તેઓ જમીનની લેવેચના વ્યવસાયમાં સાથે કામ કરતા હતા. જોકે રંગુસિંહ અને અશોકસિંહ ચબરાક હોવાને કારણે તેઓ જમીનોના ખોટા દસ્તાવેજ ઉભા કરી કાન્તીભાઈ પાસેથી નાણાં પડાવતા હતા.

બીજી તરફ આ ત્રણેય જણા ફાયનાન્સરો પાસેથી જરૂર પડે ત્યારે વ્યાજે નાણાં લાવતા હતા. દરમિયાન સોમવારે રંગુસિંહ ચૌહાણ અને અશોકસિંહ રાઠોડે કાન્તીભાઈના ઘરે આવી તેમણે કેટલીક જમીનના દસ્તાજો પર સહી કરાવવા દબાણ કર્યુ હતું. બીજી તરફ ફાયનાન્સરો પાસેથી લેવામાં આવેલી કેટલીક રકમ અંગે તેઓ જાણતા ન હોવાનું તેમના પુત્ર આશિષભાઈનું કહેવુ છે.

દરમિયાન મૃતક કાન્તીભાઈએ તથા તેમની પત્નિએ લખેલી સ્યુસાઈડ નોટમાં ૧૦ ફાયનાન્સરોને લીધેલા નાણાં ચુકવ્યા હોવા છતાં વ્યાજનું વ્યાજ ચઢાવીને પઠાણી ઉઘરાણી કરતા હતા. જેના કારણે કાન્તીભાઈ અને તેમના પત્નિ સવિતાબેને પોતાની જીંદગીનો અંત આણવા માટે સોમવારે વહેલી સવારે સેલફોસની ગોળીઓ ખાઈ લીધી હતી. જેના કારણે કાન્તીભાઈનું મોડી રાત્રે સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં પણ નોંધાઈ હતી. જેમાં જણાવાયા મુજબ અશોકસિંહ ,સવનાથસિંહ, રંગુસિંહ તથા તેમના ભાઈએ અગાઉ કાન્તીભાઈને રૂા.૬ લાખ વ્યાજે આપ્યા હતા. જેનું વ્યાજ રૂા.૫૨ લાખ થતુ હતું. જેની અવારનવાર ઉઘરાણી કરી કાન્તીભાઈને ગાળો આપી દસ્તાવેજ કરી આપો નહિ તો જાનથી મારી નાખીશ તેવી ધમકીથી ગભરાઈ જઈને કાન્તીભાઈ તથા તેમની પત્નિએ ઝેરી ગોળીઓ ખાઈ લીધી હતી.

પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર સહિત પાંચ વિરૂદ્ધ જીવલેણ હુમલો કરવા બદલ પોલીસ ફરીયાદ

લીમડાનું ઝાડ કાપવા બાબતે બોલાચાલી બાદ જીવલેણ હૂમલો કર્યો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં વાઘપુર રોડ ઉપર આવેલ રામદેવનગરમાં રહેતા અને પ્રાંતિજ નગરપાલિકાના મહિલા કોર્પોરેટર અને તેના પતિ તથા પુત્ર અને પતિના બે ભાઈઓ વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જીવલેણ હુમલો કરવા બદલ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વાઘપુર રોડ ઉપર આવેલ રામદેવનગરમાં રહેતા બાદરજી વણઝારા કે જેવોના ઘર આગળ આવેલ લીમડાનું ઝાડ કાપવાની ના પાડતા બોલાચાલી થતાં બોલાચાલી બાદ થાનાજી વણઝારા દ્વારા બાદરજીને લોખંડની ટોમી માથાના ભાગે મારી હતી. જ્યારે બાદરજીના પુત્ર રાજુભાઈને પણ વિક્રમજી, મંગાજી, પ્રકાશજી, ગડદાપાટુ મારી માર માર્યો હતો. જ્યારે જમનાબેન દ્વારા બિભત્સ ગાળો બોલી એક બીજાની મદદગીરી કરી હતી. જ્યારે બાદરજી તથા તેમના પુત્રને હિંમતનગર ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જ્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અરવિંદભાઈ બાદરજી વણઝારાની ફરીયાદના આધારે થાનાજી જીવાજી વણઝારા, પ્રકાશજી થાનાજી વણઝારા, વિક્રમજી જીવણજી વણઝારા, મંગાજી જીવાજી વણઝારા, જમનાબેન થાનાજી વણઝારા મળી પાંચ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોયદમાં જનસેવા આપના દ્વારે કાર્યક્રમ યોજાયો

રેશનકાર્ડ, આધારકાર્ડ, મહેસુલ વિભાગ સહિત મા અમૃત વાત્સલ્ય કાર્ડ આપવામાં આવ્યા હતા : સેવાઓ સીધી મળી રહે તે માટે કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદમાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિવિધ સેવાઓનો લાભ લીધો

જનસેવા આપના દ્વારે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોયદ તથા

પ્રાંતિજના મોયદ ગામે આવેલ હાઈસ્કૂલમાં ગાંધી જયંતિ નિમિત્તે પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી તથા પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયાના અધ્યક્ષ સ્થાને મોયદ તથા આજુબાજુમાં આવેલ ગામો માટેનું જનસેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને વિવિધ સહાય તથા દાખલાઓથી વંચિત સેવાઓનો લાભ લીધો હતો. જ્યારે પશુ ચિકિત્સતા કેમ્પ પણ યોજાયો હતો. ઉપરાંત આરોગ્ય વિભાગના અધિકારી ડૉ. ગૌતમ નાયક અધ્યક્ષસ્થાને સરકાર દ્વારા આપવામાં આવતી ફ્રી મેડીકલ સેવાઓ તથા મા વાત્સલ્ય યોજના મા અમૃતમમાં યોજના ના કાર્ડ પણ વિતરણ કરવામાં આવ્યા હતા. આ સાથે આરોગ્ય અંગેની ચકાસણી કાર્યક્રમ તથા દવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ તથા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. મોયદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર જનસેવા સહિત વિભાગોની મુલાકાત બાદ કેટલાક લાભાર્થીઓને પણ પુછપરછ કરી હતી. જ્યારે વિવિધ જનસેવામાં સવારથી સાંજ સુધીમાં હજજારોની સંખ્યામાં આ વિસ્તારના લોકોએ સેવાનો લાભ લીધો હતો.

નવરાત્રિના બજારમાં ચોરી કરતી મહિલા ગેંગ ઝડપાઈ

છારા મહિલા ગેંગની નવરંગપુરા પોલીસ દ્વારા ધરપકડ

અમદાવાદ, તા.૬

નવરાત્રીના આડે ગણતરીના દિવસો બાકી રહ્યા ત્યાં લો ગાર્ડન વિસ્તારમાં આવેલા બજારમાં ખરીદી માટે લોકોનો જામાવડો જોવા મળ્યો છે. ભીડભાડનો તક લઈ ચોરી કરતી છારા મહિલાગેંગની નવરંગપુરા પોલીસ સ્ટેશને ધરપકડ કરી હતી. પોલીસ મુજબ નવરાત્રિની શરૂઆત થઈ રહી લોકો લો ગાર્ડન ખાતે નવરાત્રિ માટે ચણિયાચોળી તેમજ અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા જઈ રહ્યા હતા. તે દરમ્યાન ભીડભાડનો લાભ લઈ પાકીટ,મોબાઈલ ફોન અન રોકડ રકમની ચોરી કરતી છારા મહિલા ગેંગની ધરપકડ કરી હતી. નવંરગપુરા પોલીસને બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. પોલીસને છ મહિનાઓ પર શંકાસ્પ જણાતા ધરપકડ કરી હતી. મહિલા ઓરોપીઓ પાસેથી અલગ અલગ ૫૧૦૦નો મુદ્દામાલ અને રોકડ રકમ ૩૩૦૦ મળી આવતા કબજે કરી હતી. આ મહિલા ગેંગ નવરાત્રિ બજારમાં ભીડનો લાભ લઈને તેમજ નેશનલ હેન્ડલુમ જેવા વિસ્તારોમાં ભીડમાં લોકોની નજર ચુકવીને ચીજવસ્તુઓની ચોરી કરતા હતા આ અંગે નવરંગપુરા પોલીસે આરોપીઓની વધુ પુછપરછ હાથ ધરી છે.

કોની-કોની ધરપકડ.....

૧. વિજીતા બેન અનીસભાઈ ઈન્ટ્રેકર (છારાનગર)
૨. જયશ્રીબેન ચીમનલાલ ઘાંચી (નોબલનગર)
૩. સુનિતા બેન અભવેકર (કેબુરનગર)
૪. રેશમાબેન શૈલેષભાઈ ઈન્દ્રેકર (છારાનગર)
૫. શિવાનબેન સાગરભાઈ છારા (છારાનગર)
૬. નિશાબેન મેહુલભાઈ ઈન્દ્રેકર (છારાનગર)

યુફલેક્સ કંપની સાણંદ ખાતે પ્લાન્ટ સ્થાપવા માટે સહમત

અમદાવાદ, તા.૬

ભારતની સૌથ મોટી ફલેક્સીબલ પેરેજિંગ કંપની યુફલેક્સ કેન્દ્ર સરકારની મુખ્ય યોજના મેઈક ઈન ઈન્ડિયા સાથે જોડાવાનું મોટા પાયે આયોજન કર્યુંછે. આજે યોજાયેલી પત્રકા પરિષદમાં યુફલેક્સ ગ્રુપ પ્રેસિડન્ડ (કોર્પ.એફ એન્ડ એ) આર કે જૈને જણાવ્યું હતું કે, એક સાચા કોર્પોરેટ નાગરિક તરીકે યુફલેક્સ બ્રાન્ડ ઈન્ડિયાનું મુલ્ય વધારવા કેવી રીતે કાર્યરત છે. યુફલેક્સની અત્યાધુનિક સુવિધાઓ નોઈડા, જમ્મુ અને માલનપુરમાં છે. કંપની હવે ગુજરાતમાં સાણંદમાં પ્રથમ ચરણમાં રૂ.૫૮૦ કરોડના ખર્ચ સર્વપ્રથમ એસેપ્ટીક પેકેજીંગ પ્લાન્ટ સ્થાપી રહી છે. આ પ્રોજેક્ટ એપ્રિલ ૨૦૧૭ સુધીમાં કાર્યાન્વિત થવાની ધારણા છે. પ્રથમ ચરણમાં આ પ્રોજેક્ટનાં તમામ ચરણોની સમાપ્તિમાં કુલ ૧૫૦૦ કરોડનું રોકાણ થશેઅનેઅંદાજે૩૦૦૦ લોકોને રોજગારી મશશે.આ ફેક્ટરીનુ ૯૦ટકા ઉત્પાદન સ્થાનિક જરૂરિયાતોને સંતોષવા વપરાશે.આર કે જૈન જણાવ્યું હતુંકે, યુફલેક્સ વિશ્વભરમાં ૧૪૦થી વધુ દેશોમાં તેનાં ગ્રાહકોને ફલેક્સીબલ પેકેજિંગ સોલ્યુશન્સ પુરા પાડે છે.યુફલેક્સની અવ્વલ સ્થિતિ પાછળ કંપનીનાં ચેરમેન અશોક ચતુર્વેદીની દુરદેશી, નેતૃત્વ જવાબદાર છે.સોલિડસ, સેમી સોલીડસ, વિસ્કોસ, પાવડર્સ, ગ્રેન્યુલર મટિરીયલ્સવગેરેમાં યુફલેક્સ બિનપડકારરૂપ સ્થિતિ ધરાવે છે.સાણંદમાં પ્લાન્ટની સ્થાપના દ્વારાઅનેલિકવિડ પકેજિંગ કેટેગરીનેપણ ઉદ્દેશીને અમારા ચેરમેનની કંપની અને પેકેજિંગ ઉદ્યોગને નવા સ્તરે લઈ જવાની વિઝનને સાર્થક કરી શકીશું.યુફલેક્સમાં પ્રેસિડેન્ટ અને સીઈઓ (લિકવિડ પેકેજિંગ અને ન્યુ બિઝનેસ) અશ્વિની કે શર્માએ જણાવ્યું હતું કે, લિકવિડ પેકેજિંગ વ્યાપારમાં માત્ર ભારતમાંજ નહિં સમગ્ર વિશ્વમાં મોટો અવકાશ છે. એપીએસીમાં બજારનો વૃદ્ધિદર અંદાજે સાત ટક અને ભારતમાં છેલ્લા ત્રણ વર્ષથી બે આંકડામાં વૃદ્ધિદર નોંધાયો છે અને ૨૦ટકા જેટલો રહ્યો છે. આવતા ચાર થી પાંચ વર્ષમાં ભારતીય બજાર આઠ બિલિયન પેક્સથી વધીને ૧૬ બિલિયન પેકેસ જેટલુ થવાની ધારણા છે. ચીનમાં તેની વૃદ્ધિની વાત ઘણી જાણીતી છે. ચીનમાં બજારમાં લિકવીડ પેકેજિંગ ૮૦ બિલિયન પેક્સનાં આંકડે પહોંચ્યુ છે.

અમદાવાદમાં ડેન્ગ્યુના વધુ ૨ કેસ ભારે દહેશત જારી

અમદાવાદ,તા.૬

સ્વાઈન ફ્લુની સાથે-સાથે અમદાવાદ સહિત રાજ્યમાં ઘણી જગ્યાએ ડેન્ગ્યુના પણ નવા કેસો નોંધાયા છે. અમદાવાદ મહાનગરપાલિકામાં ડેન્ગ્યુના બે કેસોને આજે સમર્થન મળ્યું હતું. સુરતમાં બે, રાજકોટમાં ત્રણ અને વડોદરામાં ડેન્ગ્યુના એક કેસને સમર્થન મળ્યું છે. એટલે કે કુલ ૮ કેસ સપાટી પર આવ્યા છે. મલેરિયા અને ડેન્ગ્યુના કેસોવાળા વિસ્તારમાં સંબંધિત જિલ્લાઓ અને કોર્પોરેશન દ્વારા રોગ અટકાયત અને નિયંત્રણ પગલા લેવામાં આવી રહ્યા છે. અટકાયતી પગલાના પરિણામ સ્વરૂપે ડેન્ગ્યુ ઉપર અંકુશ મુકવામાં સફળતા હાથ લાગી છે. છેલ્લા ત્રણ દિવસના ગાળામાં જ ડેન્ગ્યુના ૨૦ નવા કેસો નોંધાતા ખળભળાટ મચી ગયો છે. ખતરનાક બનેલા ડેન્ગ્યુએ ભારે દહેશત ફેલાવી દીધી છે. સ્કુલી બાળકો પણ શિકાર થયા છે. આ વર્ષે પહેલી જુલાઈ બાદથી કોર્પોરેશન દ્વારા વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં સ્થિતિ બેકાબુ બનેલી છે.

સેમેસ્ટર પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિક્ષામાં જિલ્લામાંથી ૬૨૨૧ જેટલા વિદ્યાર્થીઓ કસોટી આપશે. જયારે સેમેસ્ટર ૩ માં પણ ૫૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેસશે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનારી આ પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સ્કોવોડની ટીમ પણ રાઉન્ડ લેશે. નવરાત બાદ તુરંત જ પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હોવાથી વિદ્યાર્થીઓ પણ પરિક્ષાની તૈયારીમાં લાગી ગયા છે.

ક્રિકેટ મેદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવ્યા છે. ક્રિકેટ મેદાનને હાઈટેક બનાવવા માટે નિષ્ણાંતોની પણ મદદ લેવામાં આવશે. જેમાં એ થી ઈ બ્લોકમાં બે મજલાના બ્લોક બનાવાશે. જમાં ખેલાડીઓના રૂમ, ટ્રેનિંગ રૂમ વી આઈ પી રૂમ કોમેન્ટ્રેટર તેમજ એમ્પાયર માટેનો રૂમ સ્કોર રૂમ તેમજ કોન્ફરન્સ રૂમ સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ખેલાડીઓ ત્યાંજ રહી શકે તેવી સુવિધા કરવામાં આવશે. આ ઉપરાંત ડોકટર રૂમ અને મીડીયા રૂમ પણ બનાવાશે. જીમખાના ક્રિકેટ મેદાનને અધ્યતન બનાવવા વધુ જગ્યાની પણ જરૂરિયાત હોવાથી પાછળના વિસ્તારમાં સ્થિત બગીચાની ૬૬૦૦ ચો મી જગ્યા ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. ક્રિકેટ મેદાનના નવિનીકરણની કામગીરીમાં એક વર્ષનો સમય લાગે તેમ છે. આગામી બે મહીનામાં કામ શરૂ કરી દેવાશે.

વિમોચન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુદરતના ગુણોનો વિકાસ કરવો એ આપણી ફરજ છે. દરેકના મનમાં સ્વદેશ ભાવનો પ્રેમ હોવો જોઈએ. મુખ્યમંત્રીના વ્યક્તિત્વના પાંચ ગુણો સમર્પિત શિક્ષક, સમર્થ શાસક, સંવેદનશીલ સમાજસેવિકા, ત્વરીત નિર્ણયશકિત ધરાવતા મુખ્ય મંત્રી અને વિશ્વસનિયતા અને અખૂટ આત્મવિશ્વાસ ધરાવતા મહિલાનો ઉલ્લેખ કરતાં આ પંચામૃતને તેમના વ્યક્તિત્વના વિશિષ્ટ પાસાં ગણાવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હિનાબહેને સૌનો શાબ્દિક આવકાર તથા રન્નાદે -કાશનના શ્રી નરેશભાઈ મોદીએ આભાર વ્યકત કર્યો હતો.

કેસ મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે કેસોને ગંભીરતાથી લેતાં તંત્રએ આજે સે. ૯ના એરફોર્સના ૨૬૦ થી વધુ મકાનોમાં ફોગીંગની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત એરફોર્સના કર્મચારીઓને ફાળવવામાં આવેલ સે. ૯, ૧૩, ૧૭, ૩૦ અને ૨૮ના ૪૪૦૦થી વધુ મકાનોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી.

મેલેરીયા ટીમના આ સર્વેલન્સમાં ૬૯૨૧ જેટલા પાણી સંગ્રહના પાત્રોની ચકાસણી કરાઈ હતી જે પૈકી ૧૫૮ પાત્રોમાં એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા પોરાનાશક કામગીરીને અતિ સઘન બનાવવામાં આવી હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ કહ્યું છે કે મચ્છરોના બ્રિડીંગને શોધી અને તેનો નાશ કરવામાં આવી રહ્યો છે તેમજ સમગ્ર ટીમ દ્વારા પોરા શોધવાની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવી છે અને જુદી જુદી ટીમો દ્વારા સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસો વધતા હોવાનો તંત્રએ આડકતરો એકરાર કર્યો છે. જો કે શંકાસ્પદ દર્દીઓની સંખ્યા ૭૦ હોવાનું પણ આ સૂત્રો કબુલી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ખાનગી તેમજ જાહેર મિલ્કતોના સ્થળેથી મોટી સંખ્યામાં મચ્છરોના બિર્ડીંગ હજુ પણ મોટી સંખ્યામાં મળી રહ્યા છે તે ચિંતાજનક છે.

વિચારોના મધુવનમાં (૪ પાનાનું ચાલુ...)

આજે જ્યારે વધુ દૂધ પ્રાપ્ત કરવા માટે જાતવાન ગાયનો આગ્રહ રાખવામાં આવે છે, શક્તિશાળી ઘોડો કઈ ઓલાદનો છે તેની તપાસ કરવામાં આવે છે, ત્યારે સંસ્કારની આવશ્યકતા સ્પષ્ટ થાય છે. જન્મ પૂર્વે બાળકને આપવામાં આવતો ગર્ભાધાન સંસ્કાર તેને અશુભ બાબતોથી દૂર અને શુભ વિચારો તરફ વાળવાનો પ્રયાસ છે.

સંસ્કારથી વ્યક્તિ ઉપરનો વિશ્વાસ વધે છે. ઋષિ (ચિંતકો) માનવ જીવનને પવિત્ર, સુખમય અને મર્યાદિત બનાવવાના હેતુથી સંસ્કારોનો આવિષ્કાર કર્યો છે. આ સંસ્કારો માત્ર ધાર્મિક કે સામાજીક રીતે જ નહીં પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આપણા જીવનમાં વિશેષ મહત્વ ધરાવે છે. સંસ્કાર શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃતના સમ્ + કૃ ધાતુમાંથી થયેલ છે. જેનો અર્થ થાય છે શુદ્ધ કરવું ,પવિત્ર કરવું અને સંસ્કરણ કરવું . જેનાથી માણસની લાગણી, રહેણી-કરણી ,બુદ્ધી વગેરે સમાજમાં પ્રકાશે તથા સમાજમાં સર્વનું હિત અને આનંદનું વાતાવરણ નિર્માણ થાય.

જે ક્રિયાથી શરીર,મન અને આત્મા ઉત્તમ બને તેને સંસ્કાર કહે છે. કોઈ વસ્તુના જુના સ્વરુપમાં ફેરફાર કરી તેને નવું સ્વરુપ આપે તે સંસ્કાર છે. જેવી રીતે સોની અશુદ્ધ સોનાને અગ્નિમાં તપાવીને શુદ્ધ કરે છે , તેવી જ રીતે વૈદીક સંસ્કૃતિમાં ઉતપન્ન થનાર બાળકોને સંસ્કારોની ભઠ્ઠીમાં નાખીને ,તેના દુર્ગુણોને બહાર કાઢીને, તેમાં સદગુણો ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

પહેલેથી ઉપસ્થિત દુર્ગુણોને દૂર કરીને , તેની જગ્યાએ સદગુણો રોપવાનાં કાર્યને સંસ્કાર કહે છે. ચરક ઋષિએ કહ્યું છે - 'સંસ્કારો, સંસ્કારો હિં ગુણાંતરાધાનમુચ્યતે'. બાળકનો જન્મ થાય છે ત્યારે બે પ્રકારના સંસ્કારો પોતાની સાથે લૈને આવે છે. એક પ્રકારના સંસ્કારો તો તે છે, જેને તે જન્મ જન્માંતરોથી પોતાની સાથે લાવે છે.બીજી જાતના સંસ્કાર તે છે, જે ને તે માતા-પિતાનાં સંસ્કારોના રૂપમાં વંશપરંપરાથી પ્રાપ્ત કરે છે. આ સંસ્કારો સારા પણ હોઈ શકે છે અને ખરાબ પણ હોઈ શકે છે. સંસ્કારોની આ યોજના આદ્યાત્મિક છે. અર્થાત્ અતિ સૂક્ષ્મ રીતે મન અને બુદ્ધી સાથે જોડાયેલી છે.

માનવ જન્મનો ઉદ્દેશ સંસ્કારો દ્વારા 'આત્મતત્વ'નાં મેલને ધોવાનો છે, અને તેનું વ્યક્તિત્વ નિખારતા જવાનું છે. વાસણ હાથમાં પકડીને મંજાય છે, પરંતુ આત્માનો મેલ ધોવા માટે તો સંસ્કાર જ આપવા પડે. જે ક્ષણે આત્મા માનવ શરીરના બંધનમાં આવે તે સમયથી જ તેના ઉપર ઉત્તમ સંસ્કાર રોપવાની શરૂઆત કરવામાં આવે છે.

નવાં કલેવર (૪ પાનાનું ચાલુ...)

નથી. પણ તમે જ કહો. શું ભ્રૂણ હત્યા ખરેખર પાપ નથી ? આજના આધુનિક અને ભણેલગણેલ સમાજમાં આ રીતે 'કન્યા ભ્રૂણહત્યા' થતી રહેશે તો નવરાત્રીમાં ગરબા રમવા માટે છોકરીઓ કયાંથી આવશે. અને તમારા પૌત્રના લગ્ન માટે છોકરી કયાંથી લાવશો. એવું નહીં થાય તો વંશવેલો આગળ કઈ રીતે વધશે ?'

આજ કોણ જાણે કયાંથી ભૂમિમાં એટલી શક્તિ અને સામર્થ્ય આવી ગયું હતું કે તે ભાગ્યેશ અને તેની માં સામે અવિરત બોલી રહી હતી. કદાચ એ તેના ઉદરમાં રહેતી ત્રીજી દીકરી તેને બોલવા માટે ઉશ્કેરી રહી હતી. જે તેની બહેનોની હત્યા વિરુદ્ધ અવાજ ઉઠાવી રહી હતી. તેમાં આજે ભૂમિ જાણે કે સાથ આપવાનો નિશ્ચય કરી ચૂકી હતી.

વર્તમાનમાં પરત ભૂમિ એ પોતાના રિપોર્ટ્સ ભાગ્યેશ અને બાની સામે મુકતાં પોતાનો નિર્ણય સંભળાવ્યો કે 'આ વખતે ગમે તે થાય, મારા પતિ કે તમે મને સાથે નહીં આપો તો પણ આ મારી દીકરી દુનિયામાં અવતરશે જ. તેનું હું બલિદાન નહીં આપું.'

ભૂમિ ઊભી થઈને જવા લાગી ત્યારે ભાગ્યેશે કહ્યું, 'ભૂમિ મને માફ કરી દે. આપણી દીકરી આશા એક નવી આશા લઈને અવતરશે.'

- vanvihari@gmail.com

ગાંધીનગર મહાનગરપાલિકા

'સ્વચ્છ ભારત અભિયાન' અને 'મેઈક માય ગાંધીનગર' કાર્યક્રમ હેઠળ, સ્માર્ટ સીટી ગાંધીનગર માટે આપના અમૂલ્ય સૂચનો આવકાર્ય છે.

સુચનો / ઉકેલ મોકલવા માટેની વ્યવસ્થા

૧. કચેરીના પહેલા માળે સ્ટીકી નોટ પર લખી ચોટાડવા વિનંતી છે.
૨. ગાંધીનગર મનપાની વેબ Email : gmc8gandhinagar@gmail.com ઉપર પણ આપી શકો છો.
૩. વેબસાઈટ gmc-egovern.org.in ઉપર પણ આપી શકો.
૪. Mygovના ગાંધીનગર મનપાના Facebook પેજ ઉપર પણ આપી શકો છો.
૫. આપનો SMS આ મોબાઈલ નંબર : ૯૭૨૭૭ ૭૨૧૯૯ પર મોકલી શકો છો.
૬. શ્રેષ્ઠ સુચના માટે ૩ પ્રોત્સાહન ઈનામ રાખવામાં આવેલ છે.
● પ્રથમ નંબર માટે રૂ. ૧૦,૦૦૦/-
● દ્વિતિય નંબર માટે રૂ. ૬,૦૦૦/-
● તૃતિય નંબર માટે રૂ. ૫૦૦૦/-

માહિતી/૧૬૫૯/૨૦૧૫-૧૬

મ્યુનિસિપલ કમિશનર
મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર

જાહેર હરાજી

નોંધણી સર નિરીક્ષકની કચેરી, સ્ટેમ્પ અને નોંધણી ભવન, બીજો માળ, ખ-૫ સર્કલ પાસે, સેક્ટર-૧૪, ગાંધીનગર - ૩૮૨૦૧૪ ખાતે રાચરચિલા અને ફર્નિચર સાથેનું નવું મકાન બાંધકામ કરવામાં આવેલ હોઈ કચેરીના જુના ફર્નિચર જેવા કે, કબાટ, લાકડાના રેક, સ્ટીલના રેક, ટેબલ, ખુરશીઓ વિગેરે ચીજવસ્તુઓ / સાધનસામગ્રી જેવી છે તેવી હાલતમાં વેચાણ આપવાનું બોઈ વેચાણ કરવા માટે જાહેર હરાજી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

અત્રેની કચેરીના ઉપર જણાવેલ સાધનસામગ્રીની જાહેર હરાજી તા. ૨૩/૧૦/૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. જે અન્વયે તેમાં ભાગ લેવા ઈચ્છનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ અત્રેની કચેરીની વહીવટી શાખામાં અરજી આપી તેઓનું ઉમેદવારી ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ભરી મેળવી લેવાનું રહેશે. તેમજ હરાજીમાં હાજર રહેવા માટે ડીપોઝીટની રકમ રૂ. ૧૦,૦૦૦/- (રીફંડેબલ)